# હોસ્ટેલમાં એડમીશનની નોટીસ ૨૦૨૨-૨૩

## સંસ્થાનાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે

તા : 01/10/2022

સરકારી ઇજનેરી કોલેજ,સેક્ટર ૨૮ ગાંધીનગરનાં વિવિધ સ્નાતક વર્ગનાં વિદ્યાર્થીઓ માટે બોયસ અને ગર્લ્સ હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. તાજેતરમાં સંસ્થામાં પ્રથમ વર્ષ(૨૦૨૨-૨૩)માં એડમીશન મેળવેલ હોય અને હોસ્ટેલમાં રહેવા રસ ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓની અરજીઓ નીચે મુજબ સ્વીકારવામાં આવે છે.

**પ્રથમ વર્ષનાં વિદ્યાર્થી માટેની હોસ્ટેલ એડમીશનની પ્રક્રિયા:-**

- **એડમીશન માટે ફોર્મ ભરવા ભરવાની તારીખ ૦૩/૧૦/૨૦૨૨ થી તા.૧૬/૧૦/૨૦૨૨ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી** વિદ્યાર્થીએ આ લીંક https://forms.gle/nGwFeJVBBfzmaPDu8 પર જઈ ને તેના પર હોસ્ટેલ ફોર્મ પર ક્લિક કરી તેમાં રહેલ ઓનલાઈન ફોર્મ ભરવું. ત્યારબાદ તેનો રીપોર્ટ જે-તે વિદ્યાર્થીનાં EMAIL જાય તેની નકલની પ્રિન્ટ લઇ સાચવી રાખવી.નિયત સમય મર્યાદા બાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.
- નિયત સમય મર્યાદામાં ફોર્મ ભરાયા બાદ વિદ્યાર્થીઓના બ્રાંચ અને જાતીનાં સરકારે નક્કી કરેલ ધારા ધોરણ પ્રમાણે પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ સંસ્થાની વેબસાઈટ પર મુકવામાં આવશે. જેમાં મેરીટ લીસ્ટમાં આવેલ વિદ્યાર્થીઓ એ સંસ્થામાં રૂબરૂ આવીને ફોર્મમાં ભરેલ દરેક વિગતના અસલ પ્રમાણ પત્રો (દા.ત EMAIL-માં સાચવી રાખેલ ફોર્મ,આધારકાર્ડ,ACPC એડમીશન લેટર, જાતીનો દાખલો, નોન ક્રીમીલેયર અને એક પાસપોર્ટ સાઈઝનો ફોટો)રજુ કરવા નો રેહશે. અને તેની નકલ જમા કરાવવાની રહેશે.
- ત્યારબાદમાં વિદ્યાર્થીઓનાં રૂમ નંબર સાથે મેરીટ લીસ્ટમા નામ આવનાર વિદ્યાર્થીઓએ ફી ભરી તેની રસીદ હોસ્ટેલમાં જમા કરાવ્યા બાદ હોસ્ટેલમાં રૂમનો કબજો મેળવવાનો રહેશે.
- હોસ્ટેલની એક સેમેસ્ટરની ફી રૂપિયા ૨૦૦૦/- છે અને હોસ્ટેલમાં એડમીશન લેતી વખતે પહેલી વખતે રૂપિયા ૨૦૦૦/- સિક્યુરીટી ડીપોઝીટની રકમ એટલે કે રૂપિયા ૪૦૦૦/-(અંકે રૂપિયા ચાર હજાર)ભરી પોતાનું હોસ્ટેલ એડમીશન કન્ફર્મ કરાવવાનું રહેશે.(સિક્યુરીટી ડીપોઝીટની રકમ વિદ્યાર્થી હોસ્ટેલ છોડે ત્યારે તેને પરત મળવાપાત્ર રહેશે.
- હોસ્ટેલમાં અત્યારે મેસની સુવિધા ઉપલબ્ધ નથી.

M B Patel

બોયસ હોસ્ટેલ વોર્ડન

ગર્લ્સ હોસ્ટેલ વોર્ડન

હોસ્ટેલ રેક્ટર

આચાર્યશ્રી